અપીલ અરજી નં.૬૦/૦૮–૦૯ તા. ૧૭–૬–૦૮

અરજદાર: શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ
સામાવાળા:ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

## હુકમ:–

વિષય:–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલની તા.૧૩–૫–૦૮ની અરજીથી ટીપી સ્કીમ નં.૩૬ (અલથાણ) ફા.પ્લોટ નં.૧૦૫ કબ્જા ફેરફાર ભાગરૂપે ઓ.પી.નં.૭૪ (રે.સ.નં.૧૩૫) પૈકી ટીપી રસ્તા તેમજ અન્ય ફા.પ્લોટમાં કપાત જતી જગ્યાનો સંપૂર્ણ કબ્જો છોડી દીધેલ તેમાં ફેરફાર કરી ઓ.પી.નં.૭૬ ને સ્કીમના અન્ય લોકેશનો ઉપર ફા.પ્લોટ નં.૫૮,૭૪,૮૦,૯૧ ફાળવેલ ઓ.પી. નં.૭૬ વાળી જગ્યાએ ફા.પ્લોટ નં.૧૦૭ રીઝર્વેશન એસ.ઈ.ડબ્લ્યુ.એસ ફાળવેલ તેનો કબ્જો લેવા તથા ઓ.પી.નં.૭૬ માંથી એફ.પી.૧૦૫ કબ્જો અપાવવા બાબતની માહિતી માંગતી અરજી.

સંદર્ભ:– અરજદાર મજકુરની તા.૧૭–૬–૦૮ ની અપીલ અરજી નં.૬૦/૦૮–૦૯

શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલની તા.૧૩–૫–૦૮ની અરજીથી ટીપી સ્કીમ નં.૩૬ (અલથાણ) ફા.પ્લોટ નં.૧૦૫ કબ્જા ફેરફાર ભાગરૂપે ઓ.પી.નં.૭૪ (રે.સ.નં.૧૩૫) પૈકી ટીપી રસ્તા તેમજ અન્ય ફા.પ્લોટમાં કપાત જતી જગ્યાનો સંપૂર્ણ કબ્જો છોડી દીધેલ તેમાં ફેરફાર કરી ઓ.પી.નં.૭૬ ને સ્કીમના અન્ય લોકેશનો ઉપર ફા.પ્લોટ નં.૫૮,૭૪,૮૦,૯૧ ફાળવેલ ઓ.પી. નં.૭૬ વાળી જગ્યાએ ફા.પ્લોટ નં.૧૦૭ રીઝર્વેશન એસ.ઈ.ડબ્લ્યુ.એસ ફાળવેલ તેનો કબ્જો લેવા તથા ઓ.પી.નં.૭૬ માંથી એફ.પી.૧૦૫ કબ્જો અપાવવા બાબતે માહિતી માંગતી કરેલ અરજીના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ધ્વારા નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં.૫૩ તા.૨૯–૫–૦૮ થી પાઠવેલ પત્રના પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૭–૬–૦૮ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૪ તા.૨૧–૬–૦૮ ના રોજ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સા.વે. (અઠવાઝોન) નં.આરટીઆઈ સેલ/૯૦ તા.૨૬–૬–૦૮ ના રોજ પૂરક માહિતી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારે મુળ અરજીમાં માંગેલી માહિતી કરતાં અપીલ અરજીમાં પૂરક મુદ્દાઓ ઉભા કરી માહિતી માંગવામાં આવેલ છે. મુળ અરજીમાં માંગેલા મુદ્દાઓની જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ નં.સા.વે. (અઠવાઝોન) નં.આરટીઆઈ સેલ/૯૦ તા.૨૬–૬–૦૮ ના રોજ પૂરક માહિતીમાં પણ મુળ અરજીના મુદ્દાઓ બાબતે ફા.પ્લોટ નં.૧૦૭ અને ૧૦૫ અંગે તા.૨૬–૬–૦૮ ના રોજ કાર્યવાહી કરેલ હોવાનું જણાવી તેમજ અરજદાર પ્રતિનિધિને સ્થળ ઉપર ફાળવેલ ફા.પ્લોટના નિશાન/ માપ રૂબરૂમાં બતાવી કંપાઉન્ડ કરી કબ્જો મેળવી લેવા જણાવેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૫–૦૮ની અરજીથી માંગ્યા મુજબ દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ તેમ છતાં અરજદારે માંગેલ મુદત અંગેની માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકાર કક્ષાએથી અત્રે રજૂ કરેલ પૂર્તતા અહેવાલ મુજબની વિગતો અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અઠવાઝોનને જણાવવામાં આવે છે. અરજદાર અપીલ અરજીમાંના અલાયદા પૂરક મુદ્દાઓ ધ્વારા માંગવામાં આવેલી માહિતીબાબતે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેરમાહિતી અધિકારી અઠવાઝોનકક્ષાએથી માહિતી મેળવવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવાઝોન ..... જાણ તથા અમલ માટે.
(૩)શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ,